પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૬ | ૮ ફેબ્રુઆરી, ૨૦૨૦, શનિવાર; મહા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




## આજે દિલ્હીમાં મતદાન

**દિલ્હીમાં સઘન સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે આજે મતદાન : ૬૭૨ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા મતદારો ઉત્સુક્ત : સવારે ૮ વાગ્યાથી મતદાન શરૂ થયા બાદથી છ વાગ્યા સુધી ચાલશે**

નવીદિલ્હી, તા.૭

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી હતી તે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. આવતીકાલે સવારે ૮ વાગ્યાથી મતદાનની શરૂઆત થશે અને સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરવામાં આવશે. મુખ્ય ટક્કર આમ આદમી પાર્ટી, ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે રહેલી છે. દિલ્હીમાં ૨૭૦૦ મતદાન કેન્દ્રો ઉપર મતાધિકારનો ઉપયોગ કરવા મતદાર ઉત્સુક છે. ચૂંટણી પરિણામ ૧૧મી ફેબ્રુઆરીના દિવસે જાહેર કરવામાં આવશે. દિલ્હીમાં આમ આદમી પાર્ટી સત્તા ટકાવી રાખશે કે કેમ તેને લઈને ભારે ઉત્સુક્તા રાજકીય પંડિતોમાં દેખાઈ રહી છે. આ વખતે ભારતીય જનતા પાર્ટી એએપીને જોરદાર ટક્કર આપવામાં માટે સંપૂર્ણ તાકાત લગાવી ચુકી છે. દિલ્હીમાં વિધાનસભાની અવધી ૨૨મી ફેબ્રુઆરીના દિવસે પૂર્ણ થઈ રહી છે. દિલ્હીમાં કુલ ૬૭૨ ઉમેદવારો

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી વિધાનસભામાં ભાજપને ૪૫ બેઠકો મળશે : અમિત શાહ

**અમિત શાહે ૪૧, નડ્ડાએ ૨૯ જનસભાઓ કરી : ચૂટણી ચાણક્ય તરીકે રહેલા અમિત શાહની ઉંડી ગણતરી**

નવી દિલ્હી,તા. ૭

દિલ્હી વિધાનભાની ચૂંટણીમાં કોણ બાજી મારશે તેને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. આ અંગે ફેસલો ૧૧મી ડિસેમ્બરના દિવસે થનાર છે. ભાજપની ટોપ લિડરશીપે પ્રચારમાં પુરી તાકાત લગાવી દીધી હતી. એકલા અમિત શાહે ૫૦થી વધુ વિધાનસભા સીટો પર પ્રચાર કરીને નવો રેકોર્ડ કર્યો હતો. અમિત શાહે ૨૩મી જાન્યુઆરીથી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પ્રચારની શરૂઆત કરી હતી. છઠ્ઠી ફેબ્રુઆરી સુધી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. દિલ્હીની ૪૧ વિધાનસભા સીટોમાં જનસભાઓ કરી હતી. બાર વિસ્તારોમાં રોડ શો કર્યા હતા. પાર્ટીના નવા અધ્યક્ષ જેપી નડ્ડાએ ૨૯ જનસભા કરી હતી. સાથે સાથે ૧૫ રોડ શો કર્યા હતા. યોગી આદિત્યનાથે પણ જોરદાર પ્રચાર કરીને માહોલને ભાજપની તરફેણમાં કરવાના પ્રયાસો કર્યા હતા. રાજકીય પંડિતો પણ તેમની રીતે મુલ્યાંકન કરી રહ્યા છે. આવી અટકળોના દોર અને ઓપિયિન પોલના માહોલમાં ભારતીય જનતા પાર્ટીના ચાણક્ય તરીકે ગણાતા અમિત શાહે કહ્યુ છે કે દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટી શાનદાર જીત મેળવનાર છે. તેમણે કહ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટી ૧૧મી ફેબ્રુઆરીના દિવસે આવનાર પરિણામમાં દિલ્હીની ૭૦ પૈકીની ૪૫ સીટો જીતી જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ કહી ચુક્યા છે કે દિલ્હીની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને જીત અપાવવા માટે નિર્ણય કરી લીધો છે. ભારતીય જનતા પાર્ટીએ મોદી અને અમિત શાહની સાથે સાથે અનેક દિગ્ગજોને ચૂંટણી પ્રચારમાં મેદાનમાં ઉતારી દીધા હતા. આવી સ્થિતીમાં ભારતીય જનતા પાર્ટીની તક વધી ગઈ છે. ભારતીય જનતા પાર્ટી તરફથી આ વખતે મોદી અને

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી ચૂંટણીમાં ૧૦૦થી વધુ વયના ૧૩૨ મતદારો

**૧૧૦ વર્ષની મહિલા સૌથી મોટી વયના મતદાર : વીઆઈપી મતદાર તરીકે જ મતાધિકારનો ઉપયોગ કરશે**

નવી દિલ્હી, તા. ૭

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોણ બાજી મારશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ છે. એએપી હોટ ફેરવિટ તરીકે છે. ચૂંટણી પંચના આંકડા દર્શાવે છે કે આ વખતે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૧૩૨ મતદારો ૧૦૦ વર્ષથી પણ વધુ વયના છે. આ તમામ મતદારો વીઆઈપી મતદાર તરીકે તેના મતદાધિકારનો ઉપયોગ કરશે. આ પહેલા દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારી કચેરી તરફથી જણાવવામાં આવ્યું હતું કે, આ સંખ્યા ૧૫૦ છે. જોકે, ફિઝીકલ ચકાસણી કરવામાં આવ્યા બાદ તેમા સુધારો કરવામાં આવ્યો હતો. સુધારા બાદ આ આંકડો ૧૩૨ દર્શાવવામાં આવ્યો હતો. તેમાં ૬૮ પુરુષ અને ૬૪ મહિલાઓ હતી.

૧૦૦થી વધારે વયના સૌથી વધારે મતદારો ૨૧ મતદારો પશ્ચિમ દિલ્હીમાં છે જ્યારે નવી દિલ્હી જિલ્લામાં આવા ૭ મતદારો નોંધયા છે. અંતિમ આંકડોનો સુધારો કરવામાં આવી ચુક્યો છે. દક્ષિણ દિલ્હીમાં ગ્રેટર કૈલાશ વિધાનસભા ક્ષેત્રમાં સીઆર પાર્ક નિવાસી ૧૧૦ વર્ષીય કાલીતારા મંડળ સૌથી વયના મતદાર છે. ૧૧૧ વર્ષના બચ્ચનસિંહ ૨૦૧૯ની ચૂંટણીમાં સૌથી જુના મતદાર હતા પરંતુ તેમનું ડિસેમ્બરમાં મૃત્યુ થયું હતું.

## દિલ્હીના ઉપમુખ્યમંત્રી સિસોદિયાના ઓએસડી લાંચ લેતાં રંગે હાથ ઝડપાયા

**ગોપાલ કૃષ્ણને સીબીઆઇએ જીએસટી સાથેના મામલે બે લાખની લાંચ લેતાં ઝડપ્યા**

ન્યુ દિલ્હી,તા.૭

દિલ્હી વિધાનસભા ચૂંટણીના બે દિવસ રહેલા સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનએ ૨ લાખ રૂપિયાની લાંચ લેવાના આરોપમાં ગુરુવારે રાતે દિલ્હી સરકારના એક વરિષ્ઠ અધિકારીની ધરપકડ કરી છે. એમ કહેવાઈ રહ્યું છે કે તે નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના ઓએસડી છે. બાદમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન હેડક્વાર્ટરમાં તેની લાંબી પૂછપરછ કરવામાં આવી હતી. જોકે હજી લાંચ લેવાના કેસમાં સિસોદિયાની કોઈ ભૂમિકા પ્રકાશમાં આવી નથી. આ વિશે મનીષ સિસોદિયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે, સીબીઆઈ તેને ઝડપથી કડક સજા કરે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, આરોપી અધિકારીનું નામ ગોપાલ કૃષ્ણ માધવ છે. તેને



૨૦૧૫માં સિસોદિયાનો ઓએસડી બનાવવામાં આવ્યો હતો. કેન્દ્રીય તપાસ એજન્સીની ટીમે તેને મોડી રાતે એક ટ્રેપ ગોઠવીને લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યો હતો. ત્યારે તે જીએસટી સાથે જોડાયેલા એક મામલાની પતાવટના બદલામાં ૨ લાખ રૂપિયા લઈ રહ્યો હતો.

શુક્રવારે ટ્વિટર પર મનીષ સિસોદિયાએ લખ્યું કે મને જાણવા મળ્યું છે કે સીબીઆઈએ એક જીએસટી ઈન્સપેકટરને

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ ગાંધીના ડંડાવાળા નિવેદન મામલે સંસદમાં ભારે ઘમાસાણ

**રાહુલ ગાંધીના વાયનાડ પ્રશ્નના જવાબમાં મંત્રીએ રાજકીય આક્ષેપ કરતાં મામલો બિચક્યો : કોંગ્રેસના સંસદ સભ્યો મંત્રી હર્ષવર્ધનની બેઠક પહોંચ્યા અને બંન્ને પક્ષો વચ્ચે કથિત મારા-મારી સર્જાઇ, ગૃહની ગરિમા લજવતા દ્રશ્યો સર્જાયા**



ન્યુ દિલ્હી,તા.૭

દિલ્હીમાં યોજાયેલી એક ચુંટણી રેલીમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પીએમ મોદીને લઈને કરેલા ખુબ જ વાંધાજનક નિવેદનના મામલે આજે લોકસભામાં તેની ગરિમા લજવાય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. હંગામો એટલી હદે થયો હતો કે મામલો ધક્કા-મુક્કી સુધી પહોંચી ગયો હતો. શોરબકોર અને ધક્કા-મુક્કિના દ્રશ્યો થતા સ્પીકરે બેઠક મોકુફ રાખી હતી. એક સવાલનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધને રાહુલ ગાંધીના 'દંડા માર' નિવેદનનો ઉલ્લેખ કર્યો અને ટીક્કા કરવા લાગ્યા તો સ્પીકરે રોકવાનો પ્રયાસ કર્યો આ દરમિયાન કોંગ્રેસના સાંસદ મનીકમ ટેગોર હર્ષવર્ધનની બેઠક સુધી પહોંચી ગયા અને બંન્ને વચ્ચે ઉગ્ર દલીલબાજી શરૂ થઈ હતી. તો ભાજપના સાંસદો વેલમાં આવી ગયા અને કોંગ્રેસના સાંસદ મનીકમ ટેગોરને પકડી લીધા અને ધક્કા-મુક્કી શરૂ થઈ હતી.

આ પહેલા સંસદમાં બન્યુ એમ હતુ કે, રાહુલ ગાંધીએ પોતાના મત વિસ્તારમાં મેડિકલ કોલેજ અંગે સવાલ કર્યો ત્યારે તેનો જવાબ આપતા પહેલા સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને કહ્યુ હતુ કે, જવાબ આપતા પહેલા હું પીએમ પર તેમણે આપેલા આપત્તિજનક નિવેદનની નિંદા કરૂ છું. આવુ સાંભળતા જ કોંગ્રેસી સાંસદોએ પિત્તો ગુમાવ્યો હતો. ભાજપે વિપક્ષી સાંસદોના આ વ્યવહારને ગુંડાગીરી ગણાવી હતી અને આરોપ મુકયો હતો કે રાહુલ ગાંધીના ઈશારે હર્ષવર્ધન સાથે ઝપાઝપીનો પ્રયાસ થયો હતો.

## આસામમાં ૨૧મી સદીની નવી શરૂઆત : મોદી

કોકરાઝાર,તા.૭

બોડો શાંતિ કરાર બાદ પ્રથમ વખત આસામના કોકરાઝારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ નોંધપાત્ર જનમેદનીને સંબોધતા મોદીએ જણાવ્યું કે જેને આટલા મોટાપાયે માતાઓ તેમજ બહેનોની સુરક્ષા મળી હોય તેને કોઈ ડંડો મારી શકે નહીં. વડાપ્રધાને જણાવ્યું કે કેટલાક

**બોડો શાંતિ કરાર બાદ પ્રથમ વખત આસામ પહોંચ્યા વડાપ્રધાન : - ક્યારેક લોકો ડંડા મારવાની વાત કરે છે પરંતુ મારી પાસે જનતાનું સુરક્ષા કવચ : જેમના દીકરાઓ એક સમયે બંદૂક લઈને ફરતા હતા, આજે એ જ માતાઓ મને આશીર્વાદ આપી રહી છે : આસામ એકોર્ડની કલમ-૬ને પણ ટૂંકમાં લાગુ કરાશે**

રેલીમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર ધારદાર વાક્બાણ છોડ્યા હતા. પીએમએ જણાવ્યું કે કેટલાક નેતાઓ મને ડંડા મારવાની વાતો કરી રહ્યા છે પરંતુ દેશની માતાઓ તેમજ બહેનોના આર્શીવાદથી હું સુરક્ષીત રહીશ. લોકો, એનઆરસી, સીએએને લઈને ભ્રમ ફેલાવી રહ્યા છે. પરંતુ પૂર્વોત્તરના લોકોને હું કહેવા માંગુ છું કે દેશ વિરોધી શક્તિઓ પર વિશ્વાસ કરશો નહીં. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, આસામ શાંતિ સમજૂતિ પૂર્વોત્તરના લોકો માટે ૨૧મી સદીમાં નવી શરૂઆત છે. તે અહીંના આરોનાઈ અને ડોખોનાના રંગારંગ માહોલ કરતા પીએમે કહ્યું આજનો દિવસ એ હજારો શહીદોને યાદ કરવાનો છે,




કોરરાઝારમાં જનસભાને સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું કે, 'આજે જે ઉત્સાહ, ઉમંગ હું તમારા ચહેરાઓ પર જોઈ રહ્યો છું, પણ વધુ સંતોષ પ્રદાન કરી રહ્યો છે. આઝાદી બાદ આ સૌથી મોટી રાજકીય રેલી છે. મે મારા રાજકીય જીવનમાં આવી રેલી નથી જોઈ.' જેમણે દેશ માટે પોતાના કર્તવ્ય પથ પર જીવનનું બલિદાન આપી દીધું. આસામમાં હવે હિંસા નહીં થાય.

● અનુસંધાન પાન-૭ પર

## વિકલ્પ છે ત્યાં સુધી ફાંસી પર લટકાવી શકાય જ નહીં : કોર્ટ

**કેન્દ્રની અરજી પર પણ સુનાવણી ટળી : ચાર અપરાધીને ફાંસી ક્યારે થશે તેને લઈને ચિત્ર અસ્પષ્ટ**

નવીદિલ્હી, તા. ૭

દેશને હચમચાવી મુકનાર નિર્ભયા મામલામાં ચારેય દોષિતોને ફાંસી ક્યારે થશે તેને લઈને આજે પણ ચિત્ર સ્પષ્ટ થઈ શકયુ ન હતું. દિલ્હી સ્થિત પટિયાલા હાઉસ કોર્ટે ફાંસીની નવી તારીખ આપવાનો હાલમાં ઈન્કાર કરી દીધો છે. કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, જ્યાં સુધી કાનુના વિકલ્પ બાકી છે ત્યાં સુધી કોઈને પણ ફાંસી પર લટકાવવાની બાબત પાપ સમાન છે. કોર્ટે દોષિતેને આપવામાં આવેલા સાત દિવસોનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે તિહાર જેલ વહીવટી તંત્રની અરજી પર સુનાવણી કરી રહી છે. જેમાં દોષિતોની સામે મોત માટે નવેસરથી ડેથ વોરંટ જારી કરવાની માંગ કરવામાં આવી હતી. આના ઉપર જારી કરવામાં આવેલી નોટિસ પર દોષિતોને આજે કોર્ટ સમક્ષ પોતાનુ વલણ સ્પષ્ટ કરવાની જરૂર હતી. તિહાર જેલ તંત્ર તરફથી કહેવામાં આવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ત્રણ દોષિતોની દયા અરજીને અસ્વિકાર કરી ચુક્યા છે.

## ૭૧ કરોડના ઈનામવાળા આતંકી કાસિમ અલ-રીમીને અમેરિકાએ ઠાર માર્યો

**અલ કાયદાના નાયબ વડા અયમાન અલ જવાહિરી પણ માર્યો ગયો**

વૉશિંગ્ટન,તા.૭

અમેરિકાએ યમનમાં આતંકવાદી સંગઠન અલ-કાયદા ઈન અરબ પેનિનસુલાના નેતા કાસિમ અલ રેમીને મારી નાખ્યો છે. વ્હાઈટ હાઉસ મુજબ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર આ કાર્યવાહી કરવામાં આવી. કાસિમ અલ રેમી વિશે જાણકારી આપનારાને ટ્રમ્પે ૧૦ મિલિયન ડૉલર એટલે કે લગભગ ૭૧ કરોડનું ઈનામ જાહેર કર્યું હતું. સાથોસાથ અમેરિકાના હુમલામાં અલ-કાયદા નેતા અયમાન અલ-જવાહિરી પણ માર્યો ગયો છે. કાસિમ અલ રેમી, જેહાદી સંગઠન અલ-કાયદા ઈન અરબ પેનિનસુલાનું નેતૃત્વ ૨૦૧૫થી કરી રહ્યો હતો.



હાલના દિવસોમાં આ ત્રીજો પ્રસંગ છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા પર નિશાન સાધતાં ત્રણ લોકોને મારી નાખ્યા છે. ગયા વર્ષે ઑક્ટોબરમાં અમેરિકાએ આતંકવાદી સંગઠન આઈએસઆઈએસના પ્રમુખ અબૂ બકર અલ બગદાદીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ વર્ષે જાન્યુઆરીમાં ટ્રમ્પે ઈરાનની કુદ્સ ફોર્સના વડા રહેલા કાસિમ સુલેમાનીને બગદાદમાં મારી નાખ્યા હતા.

નોંધનીય છે કે, કાસિમ અલ રેમી ટ્રમ્પના નિશાના પર લાંબા સમયથી હતો. જાન્યુઆરી ૨૦૧૭માં યમનમાં અલ-કાયદાના પરિસર પર અમેરિકન સેનાએ છાપેમારી કરી હતી. આ દરમિયાન અમેરિકાના કેટલાક સૈનિકોના પણ મોત થયા હતા. પરંતુ અલ-રેમી આ હુમલામાં બચી ગયો હતો. બાદમાં તેણે ૧૧ મિનિટનો એક વીડિયો જાહેર કરતાં ટ્રમ્પ પર નિશાન સાધતાં કહ્યું હતું કે તેમને જોરદાર તમાચો માર્યો છે.

## કોરોના વાયરસની સૌપ્રથમ ચેતવણી આપનાર ચીનના ડોકટરનું મોત

બીજિંગ,તા.૭

કોરોના વાઈરસ સામે સમગ્ર વિશ્વને ચેતાવનારા ચીની ડૉક્ટર લી વેન્લીયાંગનું નિધન થયાના અહેવાલ વહેતા થયા હતા.

**ડોક્ટર લી વેન્લીયાંગ પોતે પણ કોરોના વાઇરસથી મૃત્યુ પામ્યા**

પહેલીવાર ડૉક્ટર લીએ આ વાઈરસની વાત કરી ત્યારે ચીની પોલીસે તેમના પર સોશ્યલ મિડિયા પર અફવા ફેલાવવાનો આરોપ મૂકીને તેમને નોટિસ આપી હતી કે સાવચેત રહો નહીંતર તમારી સામે પગલાં લેવામાં આવશે.

સમગ્ર વુહાનમાં કોરોના વાઈરસ ફેલાઈ રહ્યા હતા ત્યારે સ્થાનિક વહીવટી તંત્ર એ સમાચાર છૂપાવવાની કોશિશ કરી રહ્યું

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225